**રાજકોટના મહે .ત્રીજા જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ ક્લાસ) ની કોર્ટમાં, મુ. રાજકોટ.**

---

**ફોજદારી કેસ નં. 62534/2025**
આંકઃ

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપીઓઃ **(૧) હકાભાઈ ધરમશીભાઈ મેર (૨) મનસુખભાઈ પ્રેમજીભાઈ ચાંદેગરા**
**(૩) જેન્તીભાઈ ગોવીંદભાઈ માલકીયા (૪) રઘુભાઈ હરજીભાઈ માંડાણી**
**(૫) વલ્લભભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણ (૬) મનસુખભાઈ સીદાભાઈ જાદવ**
**(૭) ભરતભાઈ ચંદુભાઈ મકવાણા, રહે.રાજકોટ**

<u>ગુન્હોઃ</u> <u>જુગાર ધારા ની કલમ- ૧૨</u>

**:: ચુકાદો ::**

આજરોજ નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના ઉપક્રમે રાષ્ટ્રીય લોક અદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે આ કામની ચાર્જશીટની કોલમ નંપમાં જણાવ્યા મુજબ આરોપીઓ એ ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂદ્ધ ગુન્હાની ફરિયાદ નોંધી, તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં જુગારધારા ની કલમ-૧૨ મુજબ ના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. ત્યારબાદ આરોપીઓએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ આપેલ છે. ત્યારબાદ સદર ગુન્હા સંબંધેની આરોપીઓ ની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીઓ ગુન્હાની કબુલાત કોઇ પણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીની ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીને જુગાર ધારાની કલમ ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તક્ષિરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે અને લેખીત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ માણસ છે, પ્રથમ વખત ભૂલ થયેલ છે, કુટુંબ કબીલાવાળા માણસ છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે, ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહિ કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઇ રેકર્ડ રજૂ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ

હોય, જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે તેમજ કુટુંબની જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચ્યાતાપને ધ્યાને લેતા તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહિં કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીને સુધરવાની તક આપવી જોઈએ. આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઈ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લીતા, તેમજ નામદાર ગુજરાત વડી અદાલતે ***ગુજરાત સરકાર વિરૂધ્ધ નટવર હીરાચન્દ્રજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯*** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી મીનીમમ સજા કરતા ઓછી સજા કરીને મીનીમમ દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરુ છું. આરોપીની વિરૂધ્ધ આ પ્રથમ પ્રકારનો હોય, ન્યાયના હીતમાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

## હુકમ :–

આરોપીઓનાઓ એ **(૧) હકાભાઈ ધરમશીભાઈ મેર (૨) મનસુખભાઈ પ્રેમજીભાઈ ચાં દેગરા (૩) જેન્તીભાઈ ગોવીંદભાઈ માલકીયા (૪) રઘુભાઈ હરજીભાઈ માંડાણી (૫) વલ્લભભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણ (૬) મનસુખભાઈ સીદાભાઈ જાદવ (૭) ભરતભાઈ ચં દુભાઈ મકવાણા** ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની ૨૦૨૩ ની કલમ–૨૭૫ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીઓ ને રૂ.૧૦૦ X ૭ = ૭૦૦(કુલ રૂપિયા સાતસો)નો દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો, તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

સદર કામે કબ્જે થયેલ મુદામાલ ગંજીપતાના પાનાનો નાશ કરવો તથા રોકડ રકમ સરકાર ખાલસા કરવી અને જો કોઈ અન્ય વચગાળાના મુદામાલ અંગે હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો અન્યથા અપીલ સમય વિત્યા બાદ સદર મુદામાલનો નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જામીનખત અને જાતમુચરકા રદ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૩, માહે ૧૨, સને ૨૦૨૫ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

**( એસ .ડી. હીંગુ)**
ત્રીજા અધિક સિવીલ જજ,રાજકોટ
યુઆઈડી:–જીજે૦૧૬૦૭

રાજકોટ
તા.૧૩/૧૨/૨૦૨૫

ફોજદારી દંડની રકમ રૂ.૧૦૦/–
કુલ રકમ રૂ.૭૦૦/– ની દંડ ની પહોંચ નં.....
થી પહોંચ નં.....તા.૧૩/૧૨/૨૦૨૫
ના રોજ વસુલ લીધી.

Nazir
C.J.M.Court,Rajkot